# પત્રક ભાગ–૨
# પંદરમી ગુજરાત વિધાનસભા

## બુધવાર, તારીખ: ૩૧મી જાન્યુઆરી, ૨૦૨૪

**૯૬. માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ, માનનીય મંત્રીશ્રી ઋષિકેશ પટેલ તથા માનનીય મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયા હસ્તકના વિષયોને લગતા તારાંકિત પ્રશ્નોના જવાબો, અંદાજપત્રને લગતી આનુષાંગિક બાબતો, મેજ ઉપર મૂકવાના કાગળો, પ્રસ્તાવો, સંકલ્પો, વિધેયકો, નિયમ–૧૧૬ હેઠળની નોટીસોનો જવાબ તથા અન્ય આનુષાંગિક બાબતો અને તેના જવાબો અન્ય મંત્રીશ્રીઓએ આપવા બાબત.**

(૧) પંદરમી ગુજરાત વિધાનસભાના ચોથા સત્ર દરમિયાન **મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ** હસ્તકના વિષયોને લગતી બાબતો જેવી કે તારાંકિત પ્રશ્નોના જવાબો, અંદાજપત્રને લગતી આનુષાંગિક બાબતો, ટૂંકી મુદતના પ્રશ્નોના જવાબો, મેજ ઉપર મૂકવાના કાગળો, પ્રસ્તાવો, સંકલ્પો, વિધેયકો, નિયમ–૧૧૬ હેઠળની નોટીસોના જવાબ તથા અન્ય આનુષાંગિક બાબતો અને તેના જવાબો તેમના વતી વિધાનસભાગૃહમાં સંબંધિત દિવસોએ નીચે જણાવ્યા પ્રમાણેના માનનીય મંત્રીશ્રી/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ આપશે.

| અ.નં. | માન.મંત્રીશ્રીનું નામ | વિષય |
|---|---|---|
| ૧ | **શ્રી ઋષિકેશભાઈ પટેલ** (માન. મંત્રીશ્રી) | સામાન્ય વહીવટ વિભાગ, વહીવટી સુધારણા, તાલીમ અને આયોજન, નર્મદા અને કલ્પસર પ્રભાગ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ (નીતિઓ સહિત) |
| ૨ | **શ્રી રાઘવજીભાઈ પટેલ** (માન. મંત્રીશ્રી) | બંદરો પ્રભાગ, માહિતી અને પ્રસારણ (નીતિઓ સહિત) |
| ૩ | **શ્રી બલવંતસિંહ રાજપૂત** (માન. મંત્રીશ્રી) | ખાણ અને ખનીજ, મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન (નીતિઓ સહિત) |
| ૪ | **શ્રી મુળુભાઈ બેરા** (માન. મંત્રીશ્રી) | યાત્રાધામ વિકાસ (નીતિઓ સહિત) |
| ૫ | **શ્રી હર્ષ સંઘવી** (માન. રા.ક.મંત્રીશ્રી) | ગૃહ અને પોલીસ હાઉસીંગ, નશાબંધી અને આબકારી (નીતિઓ સહિત) |
| ૬ | **શ્રી જગદીશ વિશ્વકર્મા** (માન. રા.ક.મંત્રીશ્રી) | માર્ગ અને મકાન અને પાટનગર યોજના (નીતિઓ સહિત) |
| ૭ | **શ્રી બચુભાઈ ખાબડ** (માન. રા.ક.મંત્રીશ્રી) | પંચાયત પ્રભાગ (નીતિઓ સહિત) |
| ૮ | **શ્રી પ્રફુલ પાનસેરીયા** (માન. રા.ક.મંત્રીશ્રી) | વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ (નીતિઓ સહિત) |

પાછળ...........

(૨) પંદરમી ગુજરાત વિધાનસભાના ચોથા સત્ર દરમિયાન **માન. મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલ** હસ્તકના નીચે જણાવ્યા મુજબના વિષયોને લગતી બાબતો જેવી કે તારાંકિત પ્રશ્નોના જવાબો, ટૂંકી મુદતના પ્રશ્નોના જવાબો, મેજ ઉપર મૂકવાના કાગળો, પ્રસ્તાવો, સંકલ્પો, વિધેયકો, નિયમ–૧૧૬ હેઠળની નોટીસોના જવાબ તથા અન્ય આનુષાંગિક બાબતો અને તેના જવાબો વિધાનસભાગૃહમાં સંબંધિત દિવસોએ નીચે જણાવ્યા પ્રમાણેના માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રી આપશે.

| અ.નં. | માન.મંત્રીશ્રીનું નામ | વિષય |
|---|---|---|
| ૧ | **શ્રી પ્રફુલ પાનસેરીયા**<br>(માન. રા.ક.મંત્રીશ્રી) | ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ, સંસદીય બાબતો |

(૩) પંદરમી ગુજરાત વિધાનસભાના ચોથા સત્ર દરમિયાન **માન. મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયા** હસ્તકના નીચે જણાવ્યા મુજબના વિષયોને લગતી બાબતો જેવી કે તારાંકિત પ્રશ્નોના જવાબો, મેજ ઉપર મૂકવાના કાગળો, નિયમ–૧૧૬ હેઠળની નોટીસોના જવાબ વિધાનસભાગૃહમાં સંબંધિત દિવસોએ નીચે જણાવ્યા પ્રમાણેના માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રી આપશે.

| અ.નં. | માન.મંત્રીશ્રીનું નામ | વિષય |
|---|---|---|
| ૧ | **શ્રી મુકેશભાઈ પટેલ**<br>(માન. રા.ક.મંત્રીશ્રી) | જળસંપત્તિ |
| ૨ | **શ્રી ભીખુસિંહજી પરમાર**<br>(માન. રા.ક.મંત્રીશ્રી) | અન્ન અને નાગરિક પુરવઠો |

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**

**ડી. એમ. પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**